# કુડાસણ પ્રમુખ ઓર્બિટ મોલની સાઈટ ખાતે માટીની ભેખડ ધસી : ૪ના મૃત્યુ

## એક એન્જીનિયર અને ત્રણ સર્વેયર ઓપરેટર પોતાની કામગીરી કરી રહ્યા હતા તે સમયે ભેખડ ધસી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક કુડાસણ રીલાયન્સ ચોકડી પાસે નવીન બની રહેલા ઓર્બિટ મોલની કન્સ્ટ્રકશન સાઈટ પર બપોરના સમયે અચાનક ભેખડ ધસી પડી હતી. જેને પગલે નીચે કામ કરી રહેલા ૪ વ્યકિતઓ દટાઈ ગયા હતા. બનાવને પગલે તાત્કાલીક સાઈટ પર હાજર અન્ય નાગરીકો દોડી આવ્યા હતા અને બે જેસીબી મશીન સાથે ૪ વ્યકિતઓને બચાવવા માટે રેસ્કયુ કર્યું હતું. ભારે મહેનત બાદ ચારેય વ્યકિતઓને બહાર નીકાળવામાં સફળતા મળી હતી. ચારેય ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. પરંતુ સિવિલના ડોકટરે તપાસ કર્યા બાદ ચારેય વ્યકિતઓને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ મૃતકોના પરિવારજનોને થતા તાત્કાલીક સિવિલ ખાતે દોડી આવ્યા હતા. પરિવારજનોના હૈયાફાટ રૂદનથી હાજર સૌની આંખ ભીની બની હતી. બનાવની જાણ થતા સિવિલ હોસ્પિટલ ખાતે કન્સ્ટ્રકશન ક્ષેત્રે સંકળાયેલા નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ પહેલા પણ ગાંધીનગર શહેરમાં ચાલી રહેલી બાંધકામ સાઈટો પર માટીની ભેખડ ધસી પડતા માટી નીચે મજુર દટાઈ જઈને મરી ગયા હોય તેવા બનાવો બનેલા છે. ત્યારે આજે બપોરના સમયે વધુ એક બનાવ ભેખડ ધસી પડવાનો બન્યો હતો જેમાં ચારેય નાગરીકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તાર રીલાયન્સ ચોકડી પાસે પ્રમુખ ઓર્બિટ મોલની કન્સ્ટ્રકશન સાઈટનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. નવી બની રહેલી બિલ્ડીંગની સાઈટ પર કેટલાક મજુરો અને કારીગરો કામ કરી રહ્યા હતા. ત્યારે બપોરના સમય બાદ એન્જીનિયર પાર્થ હરેશભાઈ પટેલ અને રાજેશ ચૌહાણ, વસંતજી અને પ્રવિણ સોઢા ત્રણેય સર્વેયર ઓપરેટર પણ પોતાની કામગીરી સાઈટ ખાતે નીચે કરી રહ્યા હતા. તે સમયે અચાનક આ ચારેય વ્યકિત પર માટીની ભેખડ ધસી પડી હતી. જેને પગલે માટીમાં ચારેય વ્યકિત દટાઈ ગયા હતા. સાઈટ પર હાજર અન્ય મજુરો અને નાગરીકો સાથે બે જેસીબી મશીન દ્વારા બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ માટીમાંથી ચારેય વ્યકિતઓને બહાર કાઢી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જો કે સારવાર મળી રહે તે પહેલા જ ચારેયનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. હોસ્પિટલમાં હાજર તબિબો ચારેયને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે સિવિલ હોસ્પિટલ ખાતે કન્સ્ટ્રકશન ક્ષેત્રે સંકળાયેલા નાગરીકો એકઠા થઈ ગયા હતા.જયારે મૃતકોના પરિવારજનોને જાણ થતા તાત્કાલીક ગાંધીનગર દોડી આવ્યા હતા. પરિવારજનોના આક્રંદથી સૌના હૈયા હચમચી ઉઠ્યા હતા. એક સાથે ચાર વ્યકિતના મૃત્યુંને પગલે શહેરમાં પણ શોકનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પણ દોડી પહોંચી હતી અને આ અકસ્માત કેવી રીતે સર્જાયો તેની પુછપરછ કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.




### મૃતકોની યાદી

- પાર્થ હરેશભાઈ પટેલ એન્જીનિયર (ઉં.વ.૨૫ રહે. દહેગામ)
- રાજેશ દોલતસિંહ ચૌહાણ સર્વેયર ઓપરેટર (ઉં.વ.૨૫, કમલબંધ વાસણા ગામ, દહેગામ)
- વસંતજી ભુપતજી સર્વેયર ઓપરેટર (ઉં.વ.૨૫ રહે. સરસવાણી ગામ, તા.મહેમદાવાદ)
- પ્રવિણભાઈ પ્રભાતભાઈ સોઢા સર્વેયર ઓપરેટર (ઉં.વ.૨૯, રહે.સરસવાણી ગામ, તા.મહેમદાવાદ)




# હવે ઠંડીનુ જોર હળવુ થયુ લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી

## મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીએ આંબી જતા દિવસ દરમિયાન નગરજનોએ હળવી ગરમીનો અહેસાસ કર્યો

ગાંધીનગર તા ૨૨

શિયાળાની ઠંડી નગરજનો માટે વધુ આકરી પુરવાર થઈ છે. લઘુત્તમ તાપમાનમાં રેકર્ડે બ્રેક ગિરાવટ ન હોવાછતા નગરજનો આક્રમક ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. અલબત્ત બર્ફિલા પવનનુ જોર વધુ હોવાથી નગરજનો કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયા હતા. જયારે છેલ્લા એક સપ્તાહથી નગરને આક્રમક ઠંડીએ ગિરફતમાં લીધુ હતુ જયારે આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ પહોંચી જતા ઠંડીનુ જોર તદન હળવુ થઈ ગયુ હતુ. મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીને આંબી જતા દિવસ દરમિયાન હળવી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

શહેરમાં મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે રોજબરોજ વાતાવરણમાં ઠંડીના પ્રમાણમાં પણ વધઘટ જોવા મળતી હતી. છેલ્લા એક સપ્તાહથી આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા નગર કાતિલ ઠંડીની ગિરફતમાં હતુ. જયારે ઠંડીની મોસમમાં વારંવાર વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળતા વાદળિયા માહોલ વચ્ચે પવનનુ જોર પણ વધુ રહેતા ઠંડી વધુ આકર બની હતી. જયારે આક્રમક ઠંડીના લીધે લગ્નસરાની મોસમ પણ પ્રભાવિત થઈ હતી. ઠંડીની સિઝન દરમિયાન અત્યાર સુધી રેકર્ડ બ્રેક ઠંડી ૭.૭ ડીગ્રી નોંધાઈ હતી. જયારે છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો પણ સિંગલ ડીઝીટમાં રહેતા વાતાવરણમાં સતત ઠંડીની ગિરફતમાં રહ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ પહોંચી જતા વાતાવરણમાંથી ઠંડી ગાયબ થઈ ગઈ હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ગગડયો હતો. અલબત્ત ઠંડીનુ પ્રમાણ ઘટયુ હતુ. બીજીતરફ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ૨૯.૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે દિવસનો તાપ આકરો લાગ્યો હતો. દિવસ દરમિયાન હળવી ગરમીનો

● અનુસંધાન પાન-૭ પર

# કુપોષણ મુક્તિ અભિયાન માટે સરકાર હવે સુપોષણ નિધિ બનાવશે

ગાંધીનગર, તા. ૨૨

રાજય સરકાર હવે ‘‘મુખ્યમંત્રી ગુજરાત સુપોષિત નિધિ’’ની રચના કરશે અને તેમાં એકત્ર થયેલ નિધિની રકમ કુપોષણ મુક્તિ અભિયાન માટે ખર્ચવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે દાહોદ ખાતેથી પોષણમાસની ઉજવણીનો પ્રારંભ કરાવવા જઈ રહ્યા છે ત્યારે આજે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે મોટા ઉદ્યોગ ગૃહો તેમજ દાતાઓ પાસેથી આ અભિયાન માટે મળેલ નાણાંભંડોળ જમા કરાવવામાં આવશે.

રાજય સરકાર દ્વારા ૨૦૨૦થી ૨૦૨૨ સુધી કુપોષણ મુક્તિ અભિયાન સઘન રીતે ચલાવી ૨૦૨૨માં સ્વચ્છ-ગુજરાત અને સ્વસ્થ ગુજરાતના નારાની કલ્પનાને સાકાર કરવા માગે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગે આ માટેનો રોડમેપ છ જેટલા ગોલ નિયત કરી સુપોષિત સ્વસ્થ ગુજરાતની રચના કરવાનો ગોલ્ડન ગોલ નિયત કર્યો છે. જેમાં આ ગોલની સિદ્ધિ માટે અતિ ઓછા વજન ધરાવતા બાળકો માટે અલાયદી આંગણવાડી શરૂ કરવા તેમજ આવા બાળકો માટે ખાસ ધ્યાન કેન્દ્રીત કરી અને આગળ વધવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી રૂપાણી દ્વારા આજે દાહોદ ખાતે પોષણમાસની ઉજવણી દરમ્યાન કુપોષણ મુક્તિનો સંકલ્પ પણ લેવડાવવામાં આવશે એટલુ જ નહિ આ આખીય ઝુંબેશને જન આંદોલન બનાવવા માટે સૌને પ્રેરિત કરશે.

આ કુપોષિત બાળકોને શોધવા માટે પણ સતત અને સઘન રીતે આરોગ્ય વિભાગના સખીઓને સાથે રાખી બાળકોની નિયમિત તપાસ કરાવવાનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત રાજયકક્ષાએથી લઈ પ્રાંત કક્ષા સુધી આ માટે ખાસ મોનીટરીંગ કમિટીઓની પણ રચના કરવામાં આવનાર છે.

# આરટીઓએ ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૧.૯૨ કરોડનો દંડ વસુલ્યો

## માર્ગ સલામતીને સ્પર્શતા પ્રશ્નો હજુ પણ રામભરોસે શહેરમાં ગતિ નિયંત્રણનો હજુ પણ અમલ નહીં

ગાંધીનગર તા ૨૨

શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે પોલીસ તેમજ આર ટીઓનુ તંત્ર કડક બન્યુ છે. માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને અનુલક્ષીને હજુ ઘણુ કરવાનુ બાકી છે. પરંતુ વિવિધ નિયમનના ભંગ બદલ તંત્ર દ્વારા આકરો દંડ વસુલવામાં આવી રહ્યો છે. ત્યારે છેલ્લા ૧૦ મહીનામાં આર ટી ઓ દ્વારા રૂ ૧.૯૨ કરોડનો દંડ વસુલાયો છે. શહેરમાં ટ્રાફિક નિયમનના કડક અમલની વાતો વચ્ચે આકરો દંડ વસુવાની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. જયારે ટ્રાફિક સિગ્નલ પણ કાર્યરત કરી દેવાયા બાદ ઈ મેમાના માધ્યમથી પણ વાહનચાલકો પાસેથી ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલવામાં આવી રહ્યો છે. જો કે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે હજુ નગરમાં માર્ગ સલામતી સપ્તાહ અન્વયે ઘણુ કરવાનુ બાકી છે. નગરમાં ક્રોસ રસ્તા પણ હજુ ખુલ્લા છે. જયારે અકસ્માત માટે જવાબદાર ગણાતા આ રસ્તાઓ બંધ કરવા માટે હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી બીજીતરફ આર ટી ઓ કચેરી દ્વારા પણ ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલી કરવામાં આવી રહી છે. જિલ્લાના વિવિધ માર્ગો પર ફરતા ઓવરલોડ વાહનો સહીત લાયસન્સ તેમજ નો પાર્કીંગ ઝોન સહીતના નિયમનનો અમલ થતો નથી જેના લીધે શહેરમાં માર્ગ સલામતી જોખમાય છે. આ સ્થિતિને અનુલક્ષીને માર્ગ અકસ્માતોની સંખ્યા પણ વધી છે. શહેરમાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ આર ટી ઓ કચરી દ્વારા ગત તા ૧ એપ્રિલ થી તા ૬ જાન્યુઆરી સુધીમાં રૂ ૧.૯૨ કરોડનો દંડ વસુલ્યો છે. જયારે આ દંડની રકમ અગાઉની સાપેક્ષમાં ૮.૮૦ ટકા જેટલી વધુ છે.



મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે યોજાયેલ ઉત્તરાર્ધ મહોત્સવ આજે દેશ વિદેશમા ખ્યાતિ પામ્યો છે. રાજયની સંસ્કૃતિ અને સંસ્કારોનું આદાન પ્રદાન અને સંગીત નૃત્ય જેવી કલાઓના ખજાનાઓથી ભરપૂર આ ઉત્સવ ઉજવામાં આવે છે જેનું આજે નૃત્ય પરંપરાથી સમાપન થયું હતું. આ મહોત્સવમાં ગૌરવ પુરસ્કૃત કલાગુરૂ સુશ્રી શીતલ મકવાણાની ગણેશ વંદના, સુશ્રી પૂર્ણિમા અશોક ભરત નાટ્યમ્, સુશ્રી વૈશાલી ત્રિવેદી કથ્થક, સુશ્રી જયપ્રભા મેનોન મોહિની અટ્ટમ, સુશ્રી સપના શાહ ભરત નાટયમ્, સુશ્રી અલોકા કાનુંગો ઓડીસી અને શ્રી દેવેન્દ્ર મંગલમુખી કથ્થક લખનઉ ઘરાના નૃત્ય રજૂ કરી નૃત્યાંગઓના શાસ્ત્રીય નૃત્ય કલાનું રસપાન કરી દર્શકો મંત્રમુગ્ધ થયા હતા

# ૧૪માં નાણાંપંચના થયેલા વિકાસ કામોની તપાસ હાથ ધરાશે

## દરેક જિલ્લાના ૧૦ ટકા ગામોમાં આ તપાસ કરાવવાનો સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૨

૧૪ મા નાણાંપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને મળેલ ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કામોની તપાસ માટે ખાસ ટીમોની રચના જિલ્લાઓમાં કરાશે.

મળતી વિગતો પ્રમાણે સરકારે જિલ્લાના ઓછામાં ઓછા ૧૦ ટકા ગામોમાં આવી તપાસ કરવાની કડક તાકીદ કરી છે એટલુ જ નહિ જિલ્લાકક્ષાની ટીમને તપાસ કયા ગામમાં કરવી તે ગામની પસંદગી પણ રાજયકક્ષાએથી કરી અને તંત્રને આપવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ કામોની તપાસ માટે જિલ્લાકક્ષાની ટીમ ઉપરાંત તાલુકાકક્ષાએ પણ જે તે ગામના કામોની તપાસ માટે તાલુકા વિકાસ અધિકારીની ટીમ બનાવવામાં આવશે. આ ઉપારંત તાલુકાકક્ષાએ પણ ક્રોસ વેરીફીકેશનની કામગીરી પણ આ તપાસ માટે કરાવવાની રહેશે.

દરમ્યાન જિલ્લાકક્ષાએથી પણ આ અંગેના જરૂરી સૂચના સાથેના આદેશો અપાઈ ગયા છે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિકાસ કામોની તપાસ માટે ક્રોસ ટીમોની રચના કરી દેવામાં આવી છે.

આ આદેશ મુજબ માણસા તાલુકા વિકાસ અધિકારી કલોલ તાલુકાના ગામોની તપાસ કરશે તો

● અનુસંધાન પાન-૭ પર


ભાવભીની શ્રદ્ધાંજલિ



અમરતલાલ ઘાસીરામજી સોની

સ્વ. તા. ૧૭/૧/૨૦૨૦

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેમણે કરેલા સત્કર્મો જીવે છે
ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... ૐ શાંતિ...ૐ શાંતિ...

રમેશભાઈ પ્રજાપતિ
(ભાણાભાઈ, લોકગાયક, પેથાપુર
રતનસિંહ વાઘેલા
(ગાયક કલાકાર - પેથાપુર)
ઉજ્જવલ વ્યાસ
સંદીપ શાહ
સચિન ભટ્ટ
(અંબિકા સાઉન્ડ, પેથાપુર)

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com